પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૪ | ૧૪ જુલાઈ, ૨૦૧૭, શુક્રવાર ; અષાઢ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આજે ભારત-ચીન મુદ્દે સર્વપક્ષિય બેઠક

છેલ્લા ૧૫ દિવસથી ભારત-ચીન વચ્ચે સરહદી મામલે ચકમક ઝરે છે. કૈલાસ માનસરોવર યાત્રા અટકાવવાથી આરંભાયેલ તણાવ મામલે દેશના તમામ વિપક્ષો સાથે વિદેશમંત્રી સુષમા સ્વરાજે સર્વપક્ષિય બેઠક બોલાવી છે.

### આપ મીરાંકુમારને ટેકો આપશે

રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં વિરોધપક્ષોના ઉમેદવાર મીરાંકુમારને સમર્થન આપવાનુ આમ આદમી પાર્ટીએ જાહેર કર્યું છે. અગાઉ કોંગ્રેસ સાથેના મતભેદોને કારણે આપ અવઢવમાં હતુ.

### આરબીઆઈ પાસે હજુ જુની કરન્સીનો સાચો આંકડો નથી

રીઝર્વ બેંકે નોટબંધીના પગલે ૫૦૦-૧૦૦૦ની નોટ બેંકમાં ૩૧મી ડિસેમ્બર સુધીમાં જમા કરાવવાની મુદત આપી હતી. પરંતુ હજુ સુધી બેંકે સત્તાવાર રીતે પ્રતિબંધિત કરન્સીનો આંકડો જાહેર કર્યો નથી. હજુ ગણતરીનુ કામ ચાલુ છે.

### ચર્ચગેટ સ્ટેશન ફુંકી મારવાની ધમકી

ચર્ચગેટ સ્ટેશનને ફુંકી મરાશે એવો નનામો ફોન રેલવે પોલીસને મળતાં ખળભળાટ મચી ગયો હતો. સવારે ૧૦.૪૫ કલાકે હેલ્પલાઈનના નંબર પર મળેલા નનામા ફોનને પગલે આખો દિવસ તપાસ અને જાપ્તો ગોઠવાયો હતો.

# આસામમાં પ્રચંડ પુરથી ભારે તારાજી : મૃત્યુ આંક ૪૬

**૨૪ જિલ્લાઓને અસર : ૧૭ લાખ લોકો સકંજામાં આવ્યા : ગેંડાઓ માટે લોકપ્રિય કાજીરંગા નેશનલ પાર્ક ૭૫ ટકા પાણીમાં છે : પાર્કના પ્રાણીઓને બચાવવા બધા પ્રયાસ : કિરણ રિજ્જુ દ્વારા હવાઈ સર્વેક્ષણ કરાયું**



ગુવાહાટી, તા. ૧૩

આસામમાં પુરની સ્થિતી આજે વધુ વણસી ગઈ છે. ભારે વરસાદાના કારણે રાજ્યમાં હવે કુલ ૨૪ જિલ્લા પુરના સકંજામાં આવી ગયા છે.મોતનો આંકડો વધીને ૪૭ ઉપર પહોંચી ગયો છે. પુરની વિકટ બનેલી સ્થિતી વચ્ચે આજે કેન્દ્રિય પ્રધાન કિરેન રિજ્જુએ પુરગ્રસ્ત જિલ્લાઓનુ હવાઈ સર્વક્ષણ કરીને માહિતી મેળવી હતી. કેન્દ્રિય ગૃહ રાજ્ય પ્રધાન રિજ્જુની સાથે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, નિતી આયોગ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ટોપના અધિકારીઓ પણ હતા. હવાઈ સર્વે કરતા પહેલા તેઓ લખીમપુરમાં જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ નો મળ્યા હતા. લખીમપુરમાં સૌથી વધારે સ્થિતી વણસી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સાઉદીમાં મકાનમાં આગ : ૧૦ ભારતીયના મોત

**છ ભારતીય દાજી પણ ગયા છે : આગમાં મૃત્યુ પામનારના મૃતદેહને સ્વદેશ પરત લાવવા માટે કન્દ્રિય વિદેશ મંત્રાલય પાસો મદદ માંગવામાં આવી**

નવી દિલ્હી,તા. ૧૩

સાઉદી અરેબિયામાં એક મકાનમાં ભીષણ આગ ફાટી નિકળ્યા બાદ ઓછામાં ઓછા ૧૦ ભારતીય નાગરિકોના મોત થયા છે અને છ અન્ય ઘાયલ થયા છે. બુધવારના દિવસે આ આગનો બનાવ બન્યો હતો. વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે કહ્યુ છે કે જિદાહ સ્થિત ભારતીય વાણિજ્ય દુતાવાસના એક અધિકારી આગની ઘટના બાદ નજરાન જઈ રહ્યા છે. તેમણે કહ્યુ છે કે તેમની પાસે નજરાનની આગની ઘટના અંગે માહિતી આવી છે. આ આગની ઘટનામાં અમ ૧૦ લોકો ગુમાવી દીધા છે. છ અન્ય ઘાયલ છે. જે સારવાર હેઠળ છે. સુષ્માએ પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે વિદ્યા એસ નામની મહિલાએ આગની ઘટનામાં મૃત્યુ પામેલા એક ભારતીયના મૃતદેહને સ્વદેશ પરત લાવવા માટે વિદેશ મંત્રાલયની મંજુરી માંગી છે. સુષ્માએ કહ્યુ છે કે તેઓ જિદાહના મહા વાણિજ્ય દુતાવાસ સાથે વાત કરે છે.

નજરાન જિદાહથી ૯૦૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. અમારા કર્મચારીઓ પ્રથમ ફલાઈટ મારફતે ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે. અમારા મહા વાણિજ્ય રાજદુત નજરાનના ગવર્નરની સાથે વાત કરી ચુક્યા છે. ૧૦ ભારતીય ઉપરાંત અન્ય એક નાગરિકનુ પણ આગની ઘટનામાં મોત થયુ છે. દક્ષિણ નજરાન સ્તિત આ મકાનમાં ૧૧ મજુરોના મોત થયા છે. મામલામાં તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. તમામ લોકો ભારતીય અને બાંગ્લાદેશના હોવાનુ જાણવા મળ્યુ છે. સાઉદી અખબારના કહેવા મુજબ રિયાદ સ્થિત ભારતીય દૂતાવાસનું કહેવું છે કે, આ ઘટનાના સંદર્ભમાં વધુ માહિતી મળી શકી નથી. તમામ લોકો એક કન્ટ્રક્શન કંપનીમાં કામ કરતા હતા અને ફેસલિયા જિલ્લામાં એક બજારની નજીક રહેતા હતા. શોર્ટકર્કિટથી આગ લાગી હતી.

વિદ્યા લાયબ્રેરી ૨૮માં વર્ષ નિમિત્તે યોજે છે.

એકવીસમો ભવ્ય પુસ્તક મેળો

તા.૧૬,૧૭મી જુલાઈ

સમય ૯ થી ૫

ધોરણ ૫ થી ૧૨ ના

"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/- માં"

જેમાં આપને મળશે - જુના અને નહીવત્ ડીફેકટીવ પુસ્તક, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ

ભવ્ય ઓફર | ડીક્ષનરી : OXFORD - GALA | ભવ્ય ડિસ્કાઉન્ટ

ચોપડા : સ્પે. ચોપડા માત્ર રૂ. ૧૦/- 1 ડઝનના રૂ. 120, 150, 180 થી વધુ

કાગળ : 1 પેકેટ રૂ. 35, 50 | પૂરવણી (૫૦ નંગ) રૂ. 80 / રૂ.150

અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઅઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો

રૂ.50/- પેનબોક્સ (નંગ-૨૦) | Diploma રૂ.20/-, ડિગ્રી રૂ.50/- LL B સજેશન રૂ 20/-

તા.૧૬,૧૭મી જુલાઈ

સમય સવારે : ૯ થી સાજે ૫

વિદ્યા લાયબ્રેરી

વિદ્યા શોપીંગ સેન્ટર, સેકટર-૧૬, ગાંધીનગર.

ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575

ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિસનગર

પ્રેરણા સ્ત્રોત કર્મવીર સ્વ.શ્રી સાંકળચંદ પટેલ




સ્વર્ણિમ ગુજરાતમાં તબીબી શિક્ષણના વ્યાપ ને વિસ્તારીત કરવા નવી આરોગ્ય નીતિ (ગ્રીન ફીલ્ડ) અંતર્ગત નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિસનગરને મેડીકલ કોલેજ શરૂ કરવાની પ્રસ્તાવનાને રાજ્ય સરકાર તરફથી મંજૂરી આપવા બદલ ગુજરાત સરકાર તેમજ આરોગ્ય - મહેસુલ વિભાગના અધિકારીશ્રીઓ તથા કલેક્ટરશ્રી, મહેસાણાના સહયોગ બદલ નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિસનગર પરિવાર હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી નરોત્તમભાઈ ટી. પટેલ
શ્રી રેવાભાઈ એસ. પટેલ
શ્રી નારાયણભાઈ એસ. પટેલ
શ્રી અમૃતભાઈ જી. પટેલ
શ્રી મફતલાલ આર. પટેલ
શ્રી રમણલાલ બી. પટેલ

શુભેચ્છક



શ્રી ચંદ્રકાંતભાઈ એમ. પટેલ (ઉપપ્રમુખશ્રી)
શ્રી ભરતકુમાર આઈ. પટેલ (મંત્રીશ્રી)
શ્રી મહેન્દ્રભાઈ જી. પટેલ (મંત્રીશ્રી)

શ્રી પ્રકાશ પટેલ
(પ્રમુખશ્રી, નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ & પ્રેસિડેન્ટ, સાંકળચંદ પટેલ યુનિવર્સીટી)

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી અરવિંદભાઈ ટી. પટેલ
ડૉ. લક્ષ્મણભાઈ કે. પટેલ
શ્રી અરવિંદભાઈ એ. પટેલ
શ્રી પીતાંબરભાઈ એલ. પટેલ
શ્રી નીકેતુભાઈ આર. મણીયાર
શ્રી પ્રિયંકકુમાર કે. પટેલ